નવસારી કૃષિ વિશ્વવિદ્યાલય

# ગ્રામીણ કૃષિ મૌસમ સેવા

કૃષિ હવામાનશાસ્ત્ર સેલ
કૃષિ ઈજનેરી વિભાગ, ન. મ. કૃષિ મહાવિદ્યાલય
નવસારી કૃષિ વિશ્વવિદ્યાલય
નવસારી - ૩૯૬૪૫૦, ગુજરાત
ઇ-મેઈલ:- aasnavsari@gmail.com

ભારત મૌસમ વિજ્ઞાન વિભાગ

**(નવસારી કૃષિ વિશ્વવિદ્યાલય અને ભારત મૌસમ વિજ્ઞાન વિભાગ દ્વારા પ્રસારિત)**

## જારી કરવાની તારીખ: ૨૨/૦૪/૨૦૨૫

## કૃષિ હવામાન બુલેટીન નં : ૦૭/૨૦૨૫ – ૨૦૨૬

## -- નવસારી જિલ્લો --

### પાછળનાં સમયનું હવામાન (તા. ૧૭ એપ્રિલ થી ૨૨ એપ્રિલ – ૨૦૨૫)

| અનું. નં. | હવામાન પરિબળો | Value |
|---|---|---|
| ૧. | વરસાદની શ્રેણી (મી.મી.) | ૦.૦ |
| ૨. | મહત્તમ તાપમાનની શ્રેણી (સે.ગ્રે.) | ૩૩.૨-૩૭.૫ |
| ૩. | લઘુત્તમ તાપમાનની શ્રેણી (સે.ગ્રે.) | ૨૨.૦-૨૪.૧ |
| ૪. | ભેજની શ્રેણી (%) | ૪૪-૯૯ |
| ૫. | પવનની ગતિની શ્રેણી (કિ.મી./કલાક) | ૩.૬-૬.૫ |
| ૬. | વાદળની સ્થિતિની શ્રેણી (ઓકટા) | ૦-૬ |
| ૭. | સુર્યપ્રકાશિત સમયની શ્રેણી (કલાક) | ૯.૬-૧૦.૭ |
| ૮. | પાછળના પાંચ દિવસમાં સંચિત વરસાદ (મી.મી.) | ૦.૦ |
| | **કુલ વરસાદ** | **0.0** |

### આઈ. એમ. ડી. દ્વારા પ્રાપ્ત હવામાન આગાહી (તા. ૨૩ એપ્રિલ થી ૨૭ એપ્રિલ - ૨૦૨૫)

| અનું. નં. | હવામાન પરિબળો | દિવસ-૧ (૨૩/૦૪) | દિવસ-૨ (૨૪/૦૪) | દિવસ-૩ (૨૫/૦૪) | દિવસ-૪ (૨૬/૦૪) | દિવસ-૫ (૨૭/૦૪) |
|---|---|---|---|---|---|---|
| ૧. | વરસાદ (મી.મી.) | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨. | મહત્તમ તાપમાન (સે.ગ્રે.) | ૩૮ | ૩૭ | ૩૬ | ૩૪ | ૩૪ |
| ૩. | લઘુત્તમ તાપમાન (સે.ગ્રે.) | ૨૬ | ૨૭ | ૨૬ | ૨૫ | ૨૫ |
| ૪. | મહત્તમ ભેજ (%) | ૮૦ | ૮૫ | ૮૫ | ૯૦ | ૯૦ |
| ૫. | લઘુત્તમ ભેજ (%) | ૭૦ | ૭૦ | ૭૦ | ૭૦ | ૭૫ |
| ૬. | પવનની ગતિ (કિ.મી./કલાક) | ૪ | ૭ | ૫ | ૯ | ૧૦ |
| ૭. | પવનની દિશા (કમ્પાસ પોઈન્ટ) | ૧૦૦ | ૧૮૩ | ૧૯૬ | ૧૯૯ | ૨૦૮ |
| ૮. | વાદળની સ્થિતિ (ઓકટા) | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

**વિસ્તૃત શ્રેણીની આગાહી મુજબ, ૨૭ એપ્રિલ, ૨૦૨૫ થી ૦૩ મે, ૨૦૨૫ સુધી સામાન્ય કરતાં ઓછો વરસાદ થવાની ધારણા છે અને મહત્તમ તાપમાન અને લઘુત્તમ તાપમાન સામાન્ય રહેવાની ધારણા છે.**

| **હવામાન સારાંશ / ચેતવણી** | |
|---|---|
| | • આઈ. એમ. ડી., દ્વારા મળેલી હવામાનની આગાહી મુજબ આગામી પાંચ દિવસમાં આકાશ ચોખ્ખું રહેશે અને વરસાદ આવવાની સંભાવના નથી.<br>• મહત્તમ તાપમાન ૩૪ સે. થી ૩૮ સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૫ સે. થી ૨૭ સે. આસપાસ હોવાની સંભાવના છે.<br>• હવામાં ભેજનું પ્રમાણ ૭૦ થી ૯૦ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે.<br>• પવનની દિશા દક્ષિણ રહેશે જેની સરેરાશ ગતિ ૪ થી ૧૦ કિ.મી./કલાક રહેવાની શકયતા છે. |

# -:: દક્ષિણ ગુજરાત ભારે વરસાદ વિસ્તાર ::-

| | |
|---|---|
| **સામાન્ય સલાહ** | • જો પવનની ગતિ ૧૫ કિમી પ્રતિ કલાક કરતાં વધુ હોય તો ખેતરમાં કેમિકલ જેવાકે પેસ્ટિસાઇડ નો છંટકાવ ન કરવો.<br>• ખેડૂતોને સલાહ આપવામાં આવે છે કે પાકની લણણી પછી ઉનાળામાં ઊંડી ખેડાણ કરો, જેથી જમીનની સ્થિતિ સુધારી શકાય અને જમીનમાં ફેલાતા રોગકારક જીવાણુઓ, જંતુઓ અને નીંદણનો નાશ કરી શકાય અને તેમને ગરમ સૂર્યપ્રકાશમાં લાવી શકાય.<br>• વાવેલા પાકમાં આંતરખેતી અને નીંદણ કરો અને પાકની જરૂરિયાત મુજબ સિંચાઈ પણ કરો.<br>• જમીનની ભેજ જાળવવા અને નીંદણ નિયંત્રણ માટે પાકના અવશેષો, સ્ટ્રો, પ્લાસ્ટિક લીલા ઘાસનો ઉપયોગ કરો.<br>• ઉનાળાના પાકની વાવણી માટે ખાતરનો ભલામણ કરેલ માત્રા લાગુ કરીને જમીન તૈયાર કરો.<br>• મહત્તમ તાપમાનમાં અચાનક વધારો થવાને કારણે દિવસ દરમિયાન પ્રાણીઓને શેડ/આચ્છાદિત વિસ્તારમાં રાખો.<br>• જમીનની ભેજ જાળવવા માટે ઘાસ, સૂકા પાંદડા, પાકના અવશેષો વગેરેનો લીલા ઘાસ તરીકે ઉપયોગ કરો.<br>• ઉચ્ચ તાપમાનથી પાકને બચાવવા માટે શાકભાજીના ખેતરમાં નીંદણ ન કરો.<br>• કૃષિ હવામાન સલાહકારી બુલેટીન અને હવામાનની આગાહી અંગેની માહિતી મેળવવાં માટે ડાઉનલોડ કરો મેઘદૂત મોબાઇલ એપ્લીકેશન, જે ખેડુતોને તેમની સ્થાનિક ભાષામાં સ્થાન, પાક અને પશુધન વિશે હવામાનઆધારિત કૃષિ સલાહ પ્રદાન કરશે. મેઘદૂત એપ્લીકેશનને ડાઉનલોડ કરવા માટે નીચેની લિંક પર ક્લિક કરો:<br>એન્ડ્રોઈડ યુઝર્સ:**https://play,google.com/store/apps/details?id=com.aas.meghdoot**<br>આઈ.ઓ.એસ. યુઝર્સ:**https://apps.apple.com/in/app/meghdoot/id1474048155**<br>• દામિની મોબાઈલ એપ્લીકેશનદ્વારા આકાશીય વિજળીની અગાઉથી ચેતવણી આપવામાં આવે છે તેમજ આકાશીય વિજળીથી બચવા શું કરવું અને શું નહિ કરવું તેની વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવે છે. આથી ખેડુતમિત્રોને દામિની મોબાઈલ એપ્લીકેશન ડાઉનલોડ કરવાની સલાહ આપવામાં આવે છે. દામિની એપ્લિકેશન ડાઉનલોડ કરવા માટે નીચેની લીંક પર ક્લિક કરો: એન્ડ્રોઈડ યુઝર્સ:<br>https://play.google.com/store/apps/details?id=com.lighteninglive.damini<br>આઈ.ઓ.એસ. યુઝર્સ:https://apps.apple.com/app/id1502385645 |
| **પાક** | **હવામાન આધારિત કૃષિ સલાહ** |
| **શેરડી** | **વાનસ્પતિક વિકાસ અવસ્થા**<br>• પૂરતી ખાતરની ભલામણ મુજબ નાઇટ્રોજન ખાતર આપવું. –<br>• બીજો ડોઝ – ૨૫૦ કિગ્રા. નાઇટ્રોજન/હે. ના ૩૦% મુજબ વાવણીના ૩ થી ૩.૫ માસ બાદ, ત્રીજો ડોઝ – ૨૫૦ કિગ્રા. નાઇટ્રોજન/હે. ના ૨૦% મુજબ વાવણીના ૪ થી ૪.૫ માસ બાદ, ચોથો ડોઝ – ૨૫૦ કિગ્રા. નાઇટ્રોજન/હે. ના ૩૫% મુજબ વાવણીના ૫.૫ થી ૬ માસ બાદ (ભારે પાળા ચડાવ્યા પહેલા).<br>• જમીન/વાતાવરણ અને પાકની અવસ્થા મુજબ જરૂરી પિયત આપવું. ઉનાળામાં - ૧૫-૧૭ દિવસના ગાળે પિયત આપવું અથવા ટપક પિયત અપનાવી અને બે હર વચ્ચે સૂકી પતારીનું આવરણ (મલચિંગ) કરી પિયત પાણીની બચત કરવી.<br>• વાવણીના ૩-૩.૫ માસે અને ૫.૫-૬ માસે પાળા ચડાવવા.<br>• હવામાનમાં તાપમાન વધવાથી ઉપદ્રવમાં વધારો થાય છે, તેથી શેરડી ડૂંખના વધેકો માટે કલોરએન્ટ્રાનીલીપ્રોલ ૦.૪ જી ૧૮.૭૫ કી.ગ્રા/હે જમીનમાં આપવું. |
| **ઉનાળુ ડાંગર** | **ફૂટ અવસ્થા:**<br>• ક્યારીમાં ૨-૩ સેમી. પાણી ભરાય તે રીતે પિયત આપવું.<br>• નાઈટ્રોજન ખાતરનો પ્રથમ પૂરતી ખાતરની હપ્તો ૪૦ કિગ્રા. ના./હે. રોપણીના ૨૦-૨૫ દિવસ બાદ બીજે પૂરતી ખાતરની હપ્તો ૪૦ કિગ્રા. ના./હે. રોપણીના ૪૦-૪૫ દિવસ બાદ આપવો. ખાતર આપતા પહેલા ક્યારીમાંથી પાણી નિતારી દેવું અને ૧ દિવસ બાદ ફરી ભરવું.<br>• ડાંગરની ક્યારી નીંદણ મુક્ત રાખવી. આ માટે હાથથી નીંદણ કરવું અને પેડી વીડર ચલાવવું. |
| **ઉનાળુ કઠોળ** | **વાનસ્પતિક વિકાસ અવસ્થા**<br>• પારવણી અને ખાલા પુર્તી વાવણીના ૧૫-૨૦ દિવસ બાદ કરવું.<br>• ખેતરને વાવણીના ૪૫ દિવસ સુધી નીંદણ મુક્ત રાખવું. આ માટે હાથથી નીંદણ કરવુ અને આંતર ખેડ કરવી.<br>• જમીન અને વાતાવરણ ધ્યાને રાખી પિયત આપવું. |
| **ભીંડા** | • નીંદણ અને આંતર-પાક કામગીરી હાથ ધરવી જોઈએ. |

NAVSARI AGRICULTURAL UNIVERSITY
AMFU Navsari

| | |
|---|---|
| | • જરૂરિયાત મુજબ સિંચાઈ આપવી જોઈએ.<br>• ભીંડામાં ભૂકીછારા અને પાનના ટપકના નિયંત્રણ માટે હેક્સાકોનાઝોલ ૫ ઈસી ૧૦ મિલી. અથવા કાર્બેન્ડાઝીમ ૫૦ ડબલ્યુપી ૫ ગ્રા પ્રતિ ૧૦ લી. પાણીમાં મીશ્ર કરી હવામાન ચોખ્ખુ હોય ત્યારે છંટકાવ કરવો.<br>• ખેતરમાંથી પીળી નસના વિષાણુ જન્ય છોડ ને ઉપાડી નાશ કરો.<br>• હેકટરે ૪૦ ભીંડામાં ફળ અને ડુખ ની ઇયળના ફેરોમોન સાથેના ટ્રેપ મુકવા.<br>• રોગનો ફેલાવો સફેદ માખીથી થાતો હોય, *સાયએન્ટ્રાનીલિપ્રોલ* ૧૦.૨૬ ઓડી ૧૮ મિલી અથવા *ડાઈફેન્થિયઉરોન* ૫૦ ડબલ્યુ પી ૧૨ ગ્રા. પ્રતિ ૧૦ લી. પાણીમાં ભેળવી પાક ઉપર છંટકાવ હવામાન ચોખ્ખુ હોય ત્યારે કરવો.<br>• ભીંડામાં પાન કથીરીના નિયંત્રણ માટે પ્રોપર્ગાઈટ ૫૭ ઈસી ૨૦ મિલી./૧૦ લીટર અથવા ફેનાઝાક્વીન ૧૦ ઈસી ૧૦ મિલી./૧૦ લીટર પાણીમાં ભેળવી પાક ઉપર છંટકાવ હવામાન ચોખ્ખુ હોય ત્યારે કરવો. |
| **રીંગણ** | • જરૂરિયાત મુજબ સિંચાઈ આપવી જોઈએ.<br>• ફેરરોપણીના ૨૦ દિવસ બાદ હેકટરે ૪૦ રીંગણની ફળ અને ડુખ ની ઇયળના ફેરોમોન સાથેના ટ્રેપ મુકવા.<br>• રીંગણમાં પાન કથીરીના નિયંત્રણ માટે પ્રોપર્ગાઈટ ૫૭ ઈસી ૨૦ મિલી./૧૦ લીટર અથવા ફેનાઝાક્વીન ૧૦ ઈસી ૧૦ મિલી./૧૦ લીટર પાણીમાં ભેળવી પાક ઉપર છંટકાવ હવામાન ચોખ્ખુ હોય ત્યારે કરવો.<br>• ફળનો સડોના નિયંત્રણ માટે કાર્બેન્ડાઝીમ ૫૦ ડબલ્યુપી ૧૦ ગ્રા પ્રતિ ૧૦ લી. પાણીમાં મીશ્ર કરી હવામાન ચોખ્ખુ હોય ત્યારે છંટકાવ કરવો |
| **ટામેટા** | • નીંદણ અને આંતર-પાક કામગીરી હાથ ધરવી જોઈએ.<br>• ફેરરોપણીના ૨૦ દિવસ બાદ હેકટરે ૪૦ લસકરી ઇયળ તથા ટમેટાની ફળ કોરી ખાનાર ઇયળના ફેરોમોન સાથેના ટ્રેપ મુકવા.<br>• ટામેટાંમા પાનના ટપકાના નિયંત્રણ માટે મેંકોજેબ ૭૫ ડબલ્યુપી ૨૮ ગ્રા પ્રતિ ૧૦ લી. પાણીમાં મીશ્ર કરી હવામાન ચોખ્ખુ હોય ત્યારે છંટકાવ કરવો.<br>• ફળનો સડોના નિયંત્રણ માટે કાર્બેન્ડાઝીમ ૫૦ ડબલ્યુપી ૧૦ ગ્રા પ્રતિ ૧૦ લી. પાણીમાં મીશ્ર કરી હવામાન ચોખ્ખુ હોય ત્યારે છંટકાવ કરવો |
| **મરચી** | • નીંદણ અને આંતર-પાક કામગીરી હાથ ધરવી જોઈએ.<br>• મરચીમાં થ્રિપ્સના નિયંત્રણ માટે એસીટામીપ્રિડ ૨૦ એસ પી ૨ ગ્રામ અથવા બ્રોંફ્લાનીલીડ ૨૦ એસ સી ૨.૫ મિલી અથવા સાયએન્ટ્રાની લિપ્રોલ ૧૦.૨૬ ઓડી ૧૨ મિલી અથવા ઈથિઓન ૫૦ થી ૩૦ મિલી અથવા ફીપ્રોનીલ ૫ અસ સી **આઈસોસાઈકલોસીરમ** ૯.૨ ઓડી ૧૫ મિલી પ્રતિ ૧૦ લિટર પાણીમાં ભેળવી પાક ઉપર હવામાન ચોખ્ખુ હોય ત્યારે છંટકાવ કરવો હવામાન ચોખ્ખુ હોય ત્યારે.<br>• મરચીમાં પાન કથીરીના નિયંત્રણ માટે પ્રોપર્ગાઈટ ૫૭ ઈસી ૨૦ મિલી./૧૦ લીટર અથવા ફેનાઝાક્વીન ૧૦ ઈસી ૧૦ મિલી./૧૦ લીટર પાણીમાં ભેળવી પાક ઉપર હવામાન ચોખ્ખુ હોય ત્યારે છંટકાવ કરવો.<br>• મરચીમાં ફળનો સડોના નિયંત્રણ માટે કાર્બેન્ડાઝીમ ૫૦ ડબલ્યુપી ૧૦ ગ્રા પ્રતિ ૧૦ લી. પાણીમાં મીશ્ર કરી હવામાન ચોખ્ખુ હોય ત્યારે છંટકાવ કરવો. |
| **પરવળ** | • ફળની પરિપક્વતા મુજબ લણણી કરવી.<br>• જાન્યુઆરીમાં જરૂરિયાત મુજબ ૧૫ થી ૨૦ દિવસે પિયત આપવું. |
| **ટિંડોળા** | • ફળની પરિપક્વતા મુજબ લણણી કરવી.<br>• જાન્યુઆરીમાં જરૂરિયાત મુજબ ૧૫ થી ૨૦ દિવસે પિયત આપવું. |
| **સુરણ** | • ૦.૧ % કારબેંડેઝીમ સાથે ગાયના તાજા છાણની રબડીમાં કંદને બોળીને છાંયડામાં સુકવી પછી રોપણી કરવામાં આવે છે.<br>• ગાંઠને ૯૦ x ૯૦ સેમી. ના અંતરે રોપણી કરો.<br>• ખાડામાં ઉભા રોપી અને હવામાનની માહિતીને ધ્યાનમાં રાખી હળવું પાણી આપવું.<br>• દક્ષિણ ગુજરાતના ભારે વરસાદીય વિસ્તારમાં સેન્ટ્રીય ખેતીથી સૂરણની ગજેન્દ્ર જાત ઉગાડવા માંગતા ખેડૂતોએ સજીવ ખેતી ઉત્પાદિત ૫૦૦ ગ્રામ વજનનાં સૂરણના ટૂકડાને લઇ તેને ૧-૨ કિલો લીમડાના ખોળ તથા બિયારણના ૧ કિલો વજન દીઠ ૫ ગ્રામ ટ્રાયકોડર્મા હરજીયાનમ ભેળવેલ ૧ ડોલ છાણની રબડીમાં માવજત આપી છાંયડામાં સૂકવી વાવેતર કરવું.<br>• વાવેતર સમયે ૩૬ ટન/હે. છાણિયા ખાતર : લીમડાનો ખોળ (૧૦:૧ નું પ્રમાણ) કે જેમાં ૨.૫ કિલો/ટન પ્રમાણે ભેળવેલ ટ્રાયકોડર્મા હરજીયાનમ મિશ્રણનો ઉપયોગ કરવો તથા સાથે સાથે ૧ ટન/ હેકટર લીમડાનો ખોળ પણ આપવો.<br>• સૂરણના ખાડાની વચ્ચેની ખાલી જગ્યામાં ફરી પાછો ચોળીનો લીલો પડવાશ ૨૦ કિલો/હેકટર બિયારણ લઇ કરવો તથા ૪૫ થી ૬૦ દિવસોમાં તેને ખાડામાં દબાવી દેવો તથા સાથે સાથે ૩ ટન/ હેકટર રાખ પણ આપવી. |
| **રતાળુ** | • કંદના ટુકડાને ક્લોરોપાયરીફોસ + બાવીસ્ટીન ની કંદ માવજત આપી છાયામાં સુકવ્યા બાદ રોપણી કરવી.<br>• ગાંઠને ૯૦ x ૯૦ સેમી. ના અંતરે રોપણી કરો.<br>• હવામાનની માહિતીને ધ્યાનમાં રાખી હળવું પાણી આપવું. |
| **તાનિયા** | • ગાંઠને ૯૦ x ૯૦ સેમી. ના અંતરે રોપણી કરો. |

NAVSARI AGRICULTURAL UNIVERSITY


| | |
|---|---|
| | • હવામાનની માહિતીને ધ્યાનમાં રાખી હળવું પાણી આપવું. |
| **આંબા** | • આંબાના મેઢની ઈયળો થડમાંથી શોધીને મારી નાખો અને કાણાંની અંદર ક્લોરપાયરીફોસ ૨૦ ઈસી ૨૫ મી.લી./૧૦ લી. દ્રાવણ નાંખી કાદવથી કાણાં બંધ કરી દેવા.<br>• કપાયેલ ડાળી પર બોર્ડેક્સ પેસ્ટ ૧૦ ટકા ખુલ્લા હવામાન વાળી પરિસ્થતીમાં લગાડવુ જોઈએ.<br>• આંબા નવી વાડી બનાવવા તંદુરસ્ત અને રોગમુક્ત કલમો અધિકૃત અને સરકારી નર્સરી માંથી મેળવવી જોઈએ.<br>• આંબામાં ફળનું ખરણ ઘટાડવા નોવેલ ઓર્ગેનિક લિક્વીડ ન્યુટ્રિએન્ટ ૧.૫ % (૧૫ લી./૧૦૦ લી.) અથવા ૨૦ પીપીએમ એન.એ.એ.(૨ ગ્રામ/૧૦૦ લી.) + ૨ % યુરિયા (૨ કિ.ગ્રા./૧૦૦ લી.) નો છંટકાવ ફળ વટાણા કદ જેવડા થાય ત્યારે અને ૨૦-૨૫ દિવસ બાદ એમ બે છંટકાવ કરવા.<br>• કેરી વટાણા થી લખોટા કદની થાય ત્યારે યુરિયા (૮૦૦ ગ્રા) અથવા અમોનિયમ સલફેટ (૧.૮ કિ.ગ્રા) ખાતર પિયત સાથે આપવું.<br>• કેરીનું ખરણ ઘટાડવા આંબાવાડીમાં ડાંગરની પરાડ અથવા આંબમાં પાછડાનું આવરણ કરવું અને હળવું પિયત આપવુ. |
| **ચીકુ** | • બીજા ખાતરનો હપ્તો ભલામણ કરેલ ખાતરનો ૨૫ ટકા ભાગ પ્રમાણે રાસાયણિક ખાતર એમોનિયમ સલ્ફેટ ૧.૩ કિગ્રા અથવા યુરિયા ૦.૬ કિગ્રા, સિંગલ સુપર ફોસ્ફેટ ૦.૮ કિગ્રા, મ્યુરેટ ઓફ પોટાશ ૦.૩ કિગ્રા, છાણિયુ ખાતર ૨૫ કિગ્રા આ મહિનામાં હવામાન ચોખ્ખુ હોય ત્યારે આપવું. |
| **પશુપાલન** | • પશુઓને દૂધ ઉત્પાદન અને નિભાવની જરૂરિયાત ધ્યાનમાં લઈ પૂરતા પ્રમાણમા સમતોલ આહાર આપવો. તેમજ પશુઓના રહેઠાણ ચોખ્ખા રાખવા, દિવસ દરમ્યાન સમયાંતરે મળ-મૂતર નો નિકાલ કરવો.<br>• પશુઓને યોગ્ય આહારમા જરૂરીયાત પ્રમાણે ખનિજયુકત મિશ્રણના સમાવેશ કરવો જોઈએ.<br>• ચાફ કટરથી લીલા તથા સૂકા ઘાસચારાને ટુકડા કરીને જ નીરણ કરવું.<br>• દુધાળા પશુઓના આઉને દૂધ દોહન પહેલા અને પછી ઝીંક ઓકસાઈડ અથવા બોરીક પાઉડર અથવા પોટેશીયમ પરમેગેનેટ ના દ્રાવણથી બરાબર સાફ કરવા.<br>• પશુઓનાં ઈતરડીના નિયંત્રણ માટે ડેલ્ટામેથીન અથવા એમીટાઝર ૨ મી.લી./લિટર પાણીમાં નાખને છાંટવી (દવાની બોટલ ઉપર લખેલી સૂચનાનો અમલ કરવો).<br>• પશુઓ જયારે ઈચ્છે ત્યારે પાણી પી શકે તેવી વ્યવસ્થા ઉભી કરવી જોઈએ અથવા ઓછામાં ઓછુ દિવસમાં ચારથી પાંચ વખત જરૂરીયાત મુજબ પાણી પીવડાવવું જોઈએ.<br>• કોઢ/ગમાણની ઉચાઇ ૧૦ ફૂટથી વધારે રાખવી, જેથી હવાની હેરફેર સરળતાથી થઇ શકે, બફારો/ગરમી ઓછી થાય અને ભોયાતળિયાનો ભાગ સુકો રહે.<br>• વિયાળ બાદ વાછરડા/પાડીયાને અડધાથી એક કલાકની અંદર ૫૦૦ મી.લી. જેટલું ચીક / ખીરું પીવડાવવું ત્યારબાદ પંદર દિવસ સુધી વછરડા/પાડીયાં કુલ વજન ના ૧૦ માં ભાગનું દૂધ/દિવસ પીવડાવવું.<br>• પશુ ઈચ્છે ત્યારે પાણી પી તેવી વ્યવસ્થા રાખવી અથવા દિવસમાં ઓછામાં ઓછુ ચાર વાર પશુની જરૂરીયાત મુજબ પાણી આપવું.<br>• મહત્તમ તાપમાનમાં અચાનક વધારો થવાને કારણે દિવસ દરમિયાન પ્રાણીઓને શેડ/આચ્છાદિત વિસ્તારની નીચે રાખો.<br>• ગરમીની ઋતુમાં પશુઓનું શારીરિક તાપમાન જળવાય રહે તે માટે કોઢ/ગમાણમાં પંખાની વ્યવસ્થા કરવી અથવા બપોરના સમયમાં વૃક્ષના છાયડામાં રાખી શકાય. |
| **વનીકરણ** | • પ્રથમ બને બીજા વર્ષના વાવેતર દરમ્યાનમાં નિંદણ અને સફાય કરવી જોઈએ.<br>• નવા સાગના રોપાના માટે પસંદ કરેલામાંથી સાગ અથવા વત્તા વૃક્ષમાંથી સાગ (સેગ) ના પરિપક્વ બીજ એકત્રિત કરો. |
| **ફીશરીઝ** | • મીઠા પાણીના મત્સય મીઠા પાણીના જીંગા ઉત્યાદન કરતા ખેડૂતોને જણાવવાનું કે, આ સમયગાળા દરમ્યાન પૂરતી માત્રામાં ખોરાક આપવોકારણ કે આ વાતાવરણ માછલી/મીઠા પાણીના જીંગા માટે અનુકૂળ છે.<br>• તળાવમાં પાણીનું લેવલ જાળવવું અને વધુ વરસાદ આવે ત્યારે તળાવના આઉટલેટ થોડી માત્રામાં ખોલવા તેથી પાણીનું લેવલ જળવાયેલું રહે<br>• તળાવના તળિયાનું અને સપાટીનું તાપમાન સરભર કરવા એરેટર અથવા પંમ્પ ચલાવવા.. |

❖ **એગ્રોમેટ સલાહકાર સેવા બુલેટીન કમિટીના સભ્યો :**

- ડૉ. એચ. એમ. વિરડીયા, પ્રાધ્યાપક અને વડા (સશ્ય વિજ્ઞાન)
- ડૉ. જે. જે. પસ્તાગીયા, પ્રાધ્યાપક અને વડા (વનસ્પતિ કીટકશાસ્ત્ર)
- ડૉ. કે. બી. રાખોલીયા, સહ પ્રાધ્યાપક (વનસ્પતિ રોગશાસ્ત્ર) :
- ડૉ. સી. જી. ઈંટવાલા, સંશોધન વૈજ્ઞાનિક (શાકભાજી વિજ્ઞાન)
- ડૉ. વાય. એન. ટંડેલ, સહ પ્રાધ્યાપક (ફળ વિજ્ઞાન)
- ડૉ. વી. આર. પટેલ, મદદનીશ પ્રાધ્યાપક (પશુપાલન)
- ડૉ. એમ. બી. ટંડેલ, મદદનીશ પ્રાધ્યાપક અને વડા (વનીકરણ)
- ડૉ. એમ. આર. પટેલ, મદદનીશ પ્રાધ્યાપક (ફીશરીઝ સાયન્સ)
- ડૉ. વિભા ટાક, રીસર્ચ એસોસીયેટ (જી.કે.એમ.એસ.)
- ડૉ. પી. કે. પરમાર, મદદનીશ પ્રાધ્યાપક (કૃષિ હવામાનશાસ્ત્ર) અને પ્રિન્સિપાલ નોડલ ઓફિસર (જી.કે.એમ.એસ.)

NAVSARI AGRICULTURAL UNIVERSITY

**NOAA/VIIRS/BLENDED NDVI Composite ending on Week no 15 (09.04.2025 to 15.04.2025) over Agricultural region**




Agriculture vigour is good at isolated places of the eastern part of the state.

Source: https://www.star.nesdis.noaa.gov

कृषि मूला ऋद्धि
NAVSARI AGRICULTURAL UNIVERSITY
AMFU_Navsari

NAVSARI AGRICULTURAL UNIVERSITY

# Gramin Krishi Mausam Sewa

Agricultural Meteorological Cell
Department of Agricultural Engineering
N. M. College of Agriculture
Navsari Agricultural University
Navsari – 396450, Gujarat
E-mail :- aasnavsari@gmail.com

India Meteorological Department

**(Jointly issued by Navsari Agricultural University & India Meteorological Department)**

## DATE OF ISSUE: 22/04/2025

## Agromet Advisory Bulletin No: 07/2025 - 2026

## -- Navsari District --

**Weather summary of preceding week (17 April to 22 April - 2025)**

| Sr. No. | Name of Weather Parameters | Value |
|---|---|---|
| 1. | Range of Rainfall (mm) | 0.0 |
| 2. | Range of Maximum Temperature (°C) | 33.2-37.5 |
| 3. | Range of Minimum Temperature (°C) | 22.0-24.1 |
| 4. | Range of Relative Humidity (%) | 44-99 |
| 5. | Range of Wind Speed (km/hrs) | 3.6-6.5 |
| 6. | Range of Cloud Cover (Okta) | 0-6 |
| 7. | Range of bright sunshine hours (hrs) | 9.6-10.7 |
| 8. | Last five days cumulative rainfall (mm) | 0.0 |
| | **Total Rainfall (mm)** | **0.0** |

**IMD based Weather forecast for (23 April to 27 April – 2025)**

| Sr. No. | Weathers Parameters | Day – 1 (23/04) | Day - 2 (24/04) | Day - 3 (25/04) | Day - 4 (26/04) | Day - 5 (27/04) |
|---|---|---|---|---|---|---|
| 1. | Rainfall (mm) | 0 | 0 | 0 | 0 | 0 |
| 2. | Maximum temperature (°C) | 38 | 37 | 36 | 34 | 34 |
| 3. | Minimum Temperature (°C) | 26 | 27 | 26 | 25 | 25 |
| 4. | Max. Relative Humidity (%) | 80 | 85 | 85 | 90 | 90 |
| 5. | Min. Relative Humidity (%) | 70 | 70 | 70 | 70 | 75 |
| 6. | Wind Speed (km/hr.) | 4 | 7 | 5 | 9 | 10 |
| 7. | Wind Direction (Compass point) | 100 | 183 | 196 | 199 | 208 |
| 8. | Total Cloud Cover (Okta) | 0 | 0 | 0 | 0 | 0 |

**According to the extended range forecast, below normal rainfall is expected and maximum and minimum temperatures are expected to be normal till 27$^{th}$ April, 2025 to 03$^{rd}$ May, 2025.**

| | |
|---|---|
| **Weather Summary/ Alert** | • As per the forecast issued by India Meteorological Department over the next five days, the sky will be clear and there are chances of no rainfall.<br>• The Maximum temperature is 34 °C to 38 °C, when the Minimum temperature is 25 °C to 27 °C likely to be around.<br>• The humidity in the air is likely to be between 70 and 90 percent.<br>• The wind direction will be South with an average speed of 4 to 10 |

# -:: South Gujarat Heavy Rainfall Zone ::-

| | |
|---|---|
| **General Advisory** | • Wind speed is high >15 kmph, so avoid spraying of pesticide.<br>• Farmers are advised to go for summer deep ploughing after harvesting of the crop, to improve soil condition & to destroy the soil borne pathogen, insect pest and weeds by exposing them to hot sun light.<br>• Carryout Interculturing & weeding in sown crops and also Irrigation as per crop requirement.<br>• Use crop residue, straw, plastic mulch for conservation of soil moisture and weed control.<br>• Keep animals under shed/covered area during day hours due to sudden increase in maximum temperature.<br>• Use of straw, dry leaves, crop residue, etc as a mulch to conserve soil moisture.<br>• No weeding in vegetable field to protect crops from high temperature.<br>• Download the MEGHDOOT mobile application for Agromet Advisory Services and information on weather forecasting, which will provide weather based agricultural advice to farmers for their location, crops and livestock in their local language. Click on the following link to download the MEGHDOOT application:<br>Android users:<br>**https://play.google.com/store/apps/details?id=com.aas.meghdoot**<br>IOS users: **https://apps.apple.com/in/app/meghdoot/id1474048155**<br>• Download the DAMINI Mobile application to ensure the safety through monitoring sky lightning activity. It will provide the alert and detail description of instruction, precaution, Do and Don't. Click on the following link to download the DAMINI application.<br>Android users:<br>https://play.google.com/store/apps/details?id=com.lighteninglive.damini<br>IOS users:https://apps.apple.com/app/id1502385645 |
| **Crop** | **Weather based Agro-Advisory** |
| **Sugarcane** | **Vegetative Growth Stage**<br>• Apply split dose of Nitrogen fertilizer as per recommendation- 2nd dose 30% of 250 kg N/ha at 3-3.5 month after planting, 3rd dose 20% of 250 kg N/ha at 4-4.5 month after planting and 4th dose 35% of 250 kg N/ha at 5.5-6 month after planting (before final earthing up).<br>• As per soil/climatic condition and stage of crop irrigation apply- summer at 15-17 day interval or adopt drip method of irrigation and mulching of trash in between two rows of crop to save irrigation water.<br>• Earthing up should be done at 3-3.5 and 5.5-6 months after planting.<br>• Application of *Chlorantraniliprole* 0.4G @ 18.75 kg/ha. in soil for management of sugarcane early shoot borer. |
| **Summer Paddy** | **Tillering stage:**<br>• Keep 2-3 cm standing water in transplanted field.<br>• Apply recommended 1st split dose of Nitrogen (40 kg/ha.) at 20-25 days after transplanting and 2nd split dose of Nitrogen (20 kg/ha.) at 40-45 (DATP). Before application of fertilizer drain water from filed and apply 1 day after.<br>• Keep the field weed free by hand weeding and interculturing with paddy weeder. |
| ***Summer* Pulse crop** | **Vegetative stage :**<br>• Thinning and gap filling should be done to maintain plant population at 15-20 days after sowing.<br>• Keep field weedfree by hand weeding and intercultuing upto 45 days after sowing.<br>• Apply irrigation as per the need, consider climate and soil type. |
| **Okra** | • Weeding and intercultural operations should be carried out.<br>• Irrigation should be given as per requirement.<br>• Spraying of Hexaconozole 5 EC @ 10 ml or Carbendazim 50 WP 5 g per 10 Lit of water for control of powdery mildew/leaf spot disease under clear weather condition.<br>• 40 pheromone/hectare traps of okra fruit and shoot borer should be installed.<br>• Up root and burn yellow vein mosaic infected okra plant from field.<br>• Spraying *Cyantraniliprole* 10.26 OD @ 18 ml or *Difenthiuron* 50 WP @ 12 g/10 Lit. for whitefly (vector) management.<br>• Spraying of *Propargite* 57 EC @ 20 ml/10 Lit. or *Fenazaquin* 10 EC @ 10 ml./10 |

NAVSARI AGRICULTURAL UNIVERSITY
AMFU_Navsari

| | |
|---|---|
| | Lit. of water for red Spider Mite during clear weather condition. |
| **Brinjal** | • Irrigation should be given as per requirement.<br>• 40 pheromone/hectare traps of okra fruit and shoot borer should be installed.<br>• Spraying of *Propargite* 57 EC @ 20 ml./10 Lit. or *Fenazaquin* 10 EC @ 10 ml./10 Lit. of water for red Spider Mite during clear weather condition.<br>• Spraying of Carbendazim 50 WP 10 g/10 Lit of water for control of fruit rot disease under clear weather condition. |
| **Tomato** | • Weeding and intercultural operations should be carried out.<br>• 40 pheromone/hectare traps of okra fruit and shoot borer should be installed.<br>• For management of leaf spot disease, spray *Mancozeb* 75 WP @ 28 g/10 lit. of water under clear weather condition.<br>• Spraying of Carbendazim 50 WP 10 g/10 Lit of water for control of fruit rot disease under clear weather condition. |
| **Chilli** | • Weeding and intercultural operations should be carried out.<br>• For management of thrips spray crop with *Acetamiprid* 20 SP @ 2g or *Broflanilide* 20 SC @ 2.5 ml or *Cyantraniliprole* 10.26 OD @ 12 ml or *Ethion* 50 EC @ 30ml or *Isocycloseram* 9.2 DC @ 12 ml or *Fipronil* 5 SC @ 15 ml per 10 liter of water under clear weather condition.<br>• Spraying of *Propargite* 57 EC @ 20 ml./10 Lit. or *Fenazaquin* 10 EC @ 10 ml./10 Lit. of water for red Spider Mite during clear weather condition.<br>• Spraying of Carbendazim 50 WP 10 g/10 Lit of water for control of fruit rot disease under clear weather condition. |
| **Elephant foot yam** | • Treat the corm seed with 0.1 % *Carbendazim* + fresh thick cow dung slurry, dry it and burry it vertically in the pits.<br>• Planting the corm seed at the spacing of 90 x 90 cm.<br>• Give light irrigation considering the weather information.<br>• The farmers of south Gujarat Heavy Rainfall Zone, intending to grow elephant foot yam cv. Gajendra organically are advised to take organically produced planting material of 500 g weight and treat it with bucket full of cow dung slurry containing 1- 2 kg neem cake and *Trichoderma harzianum* (5 g per kg seed corm) and then dry under shade before planting.<br>• At the time of planting, apply FYM : neem cake mixture (in 10:1 ratio) @ 36 t $ha^{-1}$ incorporated with *Trichoderma harzianum* @ 2.5 kg per tonne of FYM neem cake mixture along with neem cake @ 1 t $ha^{-1}$ in pits.<br>• Raise green manure cowpea again with 20 kg $ha^{-1}$ seed rate in-between fallow space of elephant foot yam plants and incorporate at 45-60 days in pits along with 3 t $ha^{-1}$ of ash. |
| **Greater yam** | • Treat the tuber seed with *Chlorpyriphos + Bavistin* and dry in shade, then planting should be done.<br>• Planting the corm seed at the spacing of 90 x 90 cm.<br>• Give light irrigation considering the weather information. |
| **Tannia** | • Planting the corm seed at the spacing of 90 x 90 cm.<br>• Give light irrigation considering the weather information. |
| **Mango** | **General Advise :**<br>• Find grubs of stem borer from gallery and holes on the stem and kill them. Do pouring of Chlorpyriphos 20 EC @ 25 ml/ 10 lit in hole and plug it with mud in clear weather condition under clear weather condition.<br>• Application of 10 % Bordeaux paste in cut after pruning branches of fruit tree.<br>• Procure healthy and disease free planting material from authorized and government nursery for the new plantation.<br>• Spray Novel Organic Liquid Nutrient (15 Lit./100 lit.) or 200 ppm NAA (2 g/100 lit.) + 2% Urea (2 kg/100lit.) at pea-size mango fruits to reduce fruit drop. Repeat after 20-25 days for a total of two sprays.<br>• Apply mulch of paddy straw/mango leaves and give light irrigation to reduce fruit drop in mango.<br>• Apply Urea (800g) or Ammonium Sulphate (1.8 kg) with irrigation at pea to marble stage of mango fruits. |
| **Sapota** | **General Advise :**<br>• Apply second split of 25% of RDF (Ammonium Sulphate -1.3 kg or Urea 0.6 kg, SSP 0.8 kg and MOP 0.3 kg + FYM 25 kg each tree) in clear weather condition. |
| **Livestock** | • Provide adequate quantity of balanced ration by considering the milk production and maintenance. |

NAVSARI AGRICULTURAL UNIVERSITY


| | |
|---|---|
| | • Good quality dry roughage with 15-20 kg green fodder provided to the animals, only after chaffing.<br>• Feed silage & hay materials if available.<br>• Before and after milking udder must be properly clean with zinc oxide or boric powder or potassium permanganate solutions.<br>• For the control of tick and other parasites, spray Deltemethrin or Aemitaz 2 ml in 1 liter of water.<br>• Height of animal shed should keep minimum 10 feet for aeration to maintain the floor dry and to control humidity.<br>• Young calves should be offered with approximate 500 ml. of Colostrums within half an hour of calving. Thereafter for next 15 days, milk should be offered at the amount of 1/10th of body weight in a day.<br>• Keep drinking water facility for 24 hrs. of period or offered adlib water four times in a day.<br>• Keep animals under shed/covered area during day hours due to sudden increase in maximum temperature.<br>• In the summer season, to maintain the body temperature, it is advisable that to keep fan in the shade or can keep the animal under the shadow of the tree. |
| **Forestry** | • Weeding climber cutting and cleaning should be carried out in first and second year plantations. |
| **Fisheries** | • Fresh water farmers give proper feed in fish/prawn farming for better growth rate because environment condition is very suitable.<br>• Increase water depth and maintain water level through pond outlet.<br>• Mixing the top and bottom water by using the aerators or pumps. |

## ❖ Members of Agro-Advisory Committee :

- Dr. H. M. Viradia, Professor & Head (Agronomy)
- Dr. J. J. Pastagia, Professor & Head (Entomology)
- Dr. K. B. Rakholiya, Associate Professor (Plant Pathology):
- Dr. C. G. Intwala, Research Scientist (Vegetable Science)
- Dr. Y. N. Tandel, Associate Professor (Fruit Science)
- Dr. V. R. Patel, Assistant Professor (Animal Husbandry)
- Dr. M. B. Tandel, Assistant Professor (Forestry) & I/C Head (SAF) (Forestry)
- Dr. M. R. Patel, Assistant Professor (Fisheries Science)
- Dr. Vibha Tak, Research Associate(GKMS)
- Dr. P. K. Parmar, Assistant Professor (Agricultural Meteorology and Principal Nodal Officer (GKMS))

NAVSARI AGRICULTURAL UNIVERSITY
AMFU Navsari

NOAA/VIIRS/BLENDED NDVI Composite ending on Week no 15
(09.04.2025 to 15.04.2025) over Agricultural region




Agriculture vigour is good at isolated places of the eastern part of the state.

Source: https://www.star.nesdis.noaa.gov

# હવામાન આગાહી

| વિગત | તારીખ | ડાંગ | નવસારી | વલસાડ |
|---|---|---|---|---|
| વરસાદની શ્રેણી (મી.મી.) | ૨૩/૦૪/૨૦૨૫ | ૦ | ૦ | ૦ |
| | ૨૪/૦૪/૨૦૨૫ | ૦ | ૦ | ૦ |
| | ૨૫/૦૪/૨૦૨૫ | ૦ | ૦ | ૦ |
| | ૨૬/૦૪/૨૦૨૫ | ૦ | ૦ | ૦ |
| | ૨૭/૦૪/૨૦૨૫ | ૦ | ૦ | ૦ |
| મહત્તમ તાપમાન (સે.ગ્રે.) | ૨૩/૦૪/૨૦૨૫ | ૩૯ | ૩૮ | ૩૮ |
| | ૨૪/૦૪/૨૦૨૫ | ૩૯ | ૩૭ | ૩૭ |
| | ૨૫/૦૪/૨૦૨૫ | ૩૮ | ૩૬ | ૩૬ |
| | ૨૬/૦૪/૨૦૨૫ | ૩૭ | ૩૪ | ૩૪ |
| | ૨૭/૦૪/૨૦૨૫ | ૩૭ | ૩૪ | ૩૪ |
| લઘુત્તમ તાપમાન (સે.ગ્રે.) | ૨૩/૦૪/૨૦૨૫ | ૨૭ | ૨૬ | ૨૬ |
| | ૨૪/૦૪/૨૦૨૫ | ૨૭ | ૨૭ | ૨૭ |
| | ૨૫/૦૪/૨૦૨૫ | ૨૬ | ૨૬ | ૨૬ |
| | ૨૬/૦૪/૨૦૨૫ | ૨૬ | ૨૫ | ૨૫ |
| | ૨૭/૦૪/૨૦૨૫ | ૨૬ | ૨૫ | ૨૫ |
| મહત્તમ ભેજ (%) | ૨૩/૦૪/૨૦૨૫ | ૭૫ | ૮૦ | ૮૦ |
| | ૨૪/૦૪/૨૦૨૫ | ૮૦ | ૮૫ | ૮૫ |
| | ૨૫/૦૪/૨૦૨૫ | ૮૦ | ૮૫ | ૮૫ |
| | ૨૬/૦૪/૨૦૨૫ | ૮૫ | ૯૦ | ૯૦ |
| | ૨૭/૦૪/૨૦૨૫ | ૮૫ | ૯૦ | ૯૦ |
| લઘુત્તમ ભેજ (%) | ૨૩/૦૪/૨૦૨૫ | ૩૦ | ૭૦ | ૭૦ |
| | ૨૪/૦૪/૨૦૨૫ | ૩૦ | ૭૦ | ૭૦ |
| | ૨૫/૦૪/૨૦૨૫ | ૩૫ | ૭૦ | ૭૦ |
| | ૨૬/૦૪/૨૦૨૫ | ૩૫ | ૭૦ | ૭૦ |
| | ૨૭/૦૪/૨૦૨૫ | ૪૫ | ૭૫ | ૭૫ |
| પવનની ગતિ(કિ.મી./કલાક) | ૨૩/૦૪/૨૦૨૫ | ૩ | ૪ | ૫ |
| | ૨૪/૦૪/૨૦૨૫ | ૪ | ૭ | ૭ |
| | ૨૫/૦૪/૨૦૨૫ | ૪ | ૫ | ૬ |
| | ૨૬/૦૪/૨૦૨૫ | ૫ | ૯ | ૭ |
| | ૨૭/૦૪/૨૦૨૫ | ૬ | ૧૦ | ૭ |
| પવનની દિશા (કમ્પાસ પોઈન્ટ) | ૨૩/૦૪/૨૦૨૫ | E | E | E |
| | ૨૪/૦૪/૨૦૨૫ | S | S | S |
| | ૨૫/૦૪/૨૦૨૫ | S | S | S |
| | ૨૬/૦૪/૨૦૨૫ | S | S | S |
| | ૨૭/૦૪/૨૦૨૫ | SW | SW | S |
| વાદળની સ્થિતિ (ઓકટા) | ૨૩/૦૪/૨૦૨૫ | ૦ | ૦ | ૦ |
| | ૨૪/૦૪/૨૦૨૫ | ૦ | ૦ | ૦ |
| | ૨૫/૦૪/૨૦૨૫ | ૦ | ૦ | ૦ |
| | ૨૬/૦૪/૨૦૨૫ | ૦ | ૦ | ૦ |
| | ૨૭/૦૪/૨૦૨૫ | ૦ | ૦ | ૦ |

NAVSARI AGRICULTURAL UNIVERSITY
AMFU Navsari